# સમાવેશક શિક્ષણ અને સામાજિક પરિવર્તન: એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

ડૉ .મહેશ એસ. ગઢિયા
*આસી. પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ લીલીયા*
*doi.org/10.64643/IJIRTV12I8-191237-459*

***Abstract***—આધુનિક લોકશાહી સમાજમાં શિક્ષણ માત્ર જ્ઞાન પ્રદાનનું સાધન નથી, પરંતુ તે સામાજિક સમાનતા, ન્યાય અને માનવ અધિકારોના સ્થાપન માટેનું સશક્ત માધ્યમ છે. પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓએ લાંબા સમય સુધી સમાજના વિવિધ વંચિત વર્ગોને જેમ કે અપંગતા ધરાવતા બાળકો, આર્થિક રીતે પછાત સમુદાયો, લિંગ આધારિત ભેદભાવનો સામનો કરનાર વ્યક્તિઓને મુખ્ય પ્રવાહથી દૂર રાખ્યા છે.

સમાવેશક શિક્ષણ એ એવી શૈક્ષણિક દૃષ્ટિ છે, જે દરેક બાળકને તેની શારીરિક, માનસિક, સામાજિક કે આર્થિક પરિસ્થિતિની પરવા કર્યા વિના સમાન તકો પૂરી પાડવાનો પ્રયત્ન કરે છે. આ સંશોધન પેપરમાં સમાવેશક શિક્ષણની સંકલ્પના, તેનો સમાજશાસ્ત્રીય આધાર, સામાજિક પરિવર્તન પર તેનો પ્રભાવ તથા ભારતીય સંદર્ભમાં તેની અમલવારીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો સમાવેશક શિક્ષણ માત્ર શિક્ષણ સુધારાનું સાધન નહીં, પરંતુ દીર્ઘકાળીન સામાજિક પરિવર્તનનો આધારસ્તંભ બની શકે છે.

મુખ્ય શબ્દો (*Keywords)*—સમાવેશક શિક્ષણ, સામાજિક પરિવર્તન, સમાજશાસ્ત્ર, **સમાનતા**, **સામાજિક ન્યાય**, **ભારતીય શિક્ષણ પ્રણાલી**

## I. પ્રસ્તાવના

"શિક્ષણ એ વિશ્વને બદલવા માટેનું સૌથી શક્તિશાળી શસ્ત્ર છે," નેલ્સન મંડેલાનું આ વિધાન સામાજિક પરિવર્તનના સંદર્ભમાં અત્યંત પ્રસ્તુત છે. શિક્ષણ માત્ર અક્ષરજ્ઞાન નથી, પરંતુ તે મનુષ્યના દ્રષ્ટિકોણ, મૂલ્યો અને સામાજિક વર્તણૂકને ઘડતી પ્રક્રિયા છે. ભારતીય સંદર્ભમાં જ્યારે આપણે સામાજિક પરિવર્તનની વાત કરીએ છીએ, ત્યારે આપણી સામે એક એવો સમાજ છે જે જ્ઞાતિ, વર્ગ, લિંગ અને શારીરિક ક્ષમતાઓના આધારે ઊંડો વિભાજિત છે. આ વિભાજનને દૂર કરવા માટે 'સમાવેશક શિક્ષણ' એ એક અનિવાર્ય વૈચારિક અને વ્યવહારિક અભિગમ તરીકે ઉભરી આવ્યું છે."સમાવેશક શિક્ષણ એટલે એવી શિક્ષણ વ્યવસ્થા જેમાં કોઈપણ ભેદભાવ વગર ભલે તે શારીરિક રીતે દિવ્યાંગ હોય, બૌદ્ધિક રીતે વિશિષ્ટ હોય, સામાજિક રીતે વંચિત હોય કે આર્થિક રીતે નબળું હોય—દરેક બાળકને એક જ સામાન્ય શાળાના વાતાવરણમાં, એક જ છત નીચે શિક્ષણ આપવામાં આવે."

 ISSN: 2349-6002

સંશોધન સમસ્યાનું કથન:-

આજના આધુનિક યુગમાં પણ, ભારતની શૈક્ષણિક પ્રણાલીમાં હાંસિયામાં ધકેલાયેલા સમુદાયો અને દિવ્યાંગ બાળકોનો ડ્રોપ-આઉટ રેશિયો ઘણો ઊંચો છે. આનું મુખ્ય કારણ ભૌતિક સુવિધાઓનો અભાવ નથી, પરંતુ 'સામાજિક સ્વીકૃતિ'નો અભાવ છે. પ્રસ્તુત સંશોધન એ તપાસવા માંગે છે કે શું સમાવેશક શિક્ષણ માત્ર શૈક્ષણિક સ્તર સુધારે છે કે તે ખરેખર સમાજની માનસિકતામાં પરિવર્તન લાવી શકે છે?

## II. સંશોધનના મુખ્ય ઉદ્દેશ્યો

સમાવેશક શિક્ષણની વર્તમાન સ્થિતિનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરવું.વિવિધ સામાજિક વર્ગો વચ્ચેના પૂર્વગ્રહો ઘટાડવામાં આ પદ્ધતિની અસરકારકતા તપાસવી.શિક્ષણમાં સમાવેશ દ્વારા આવતા સામાજિક ગતિશીલતા ના પરિબળો સમજવા.સમાવેશક શિક્ષણના માર્ગમાં આવતા સામાજિક અને મનોવૈજ્ઞાનિક અવરોધોની ઓળખ કરવી.

## III. સંશોધનનું મહત્વ

આ સંશોધન એટલા માટે મહત્વનું છે કારણ કે તે નવી શિક્ષણ નીતિ (NEP 2020) નો અમલ થઈ ગયો છે ત્યારે આ પેપર શૈક્ષણિક નીતિ નિર્ધારકો, સમાજશાસ્ત્રીઓ અને શિક્ષકોને એ સમજવામાં મદદ કરશે કે કેવી રીતે એક સક્ષમ અને સમરસ સમાજનું નિર્માણ શિક્ષણના માધ્યમથી થઈ શકે છે.

## IV. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત પત્રમાં ગુણાત્મક અને વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દ્વિતીયક સ્રોતો જેવા કે સરકારી અહેવાલો, યુનેસ્કોના રિપોર્ટ્સ, અને અગાઉના સમાજશાસ્ત્રીય સંશોધનોનો આધાર લઈને તાર્કિક નિષ્કર્ષ તારવવામાં આવ્યા છે.

## V. સાહિત્યની સમીક્ષા

સમાવેશક શિક્ષણના ક્ષેત્રમાં થયેલા અગાઉના સંશોધનોનું વિશ્લેષણ કરવાથી આપણને એ સમજાય છે કે આ વિષય માત્ર શૈક્ષણિક પદ્ધતિ નથી, પણ એક માનવીય અધિકાર છે. સાહિત્યની સમીક્ષા આપણને સંશોધનમાં રહેલી ખામીઓ શોધવામાં અને વર્તમાન સમસ્યાને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં જોવામાં મદદ કરે છે.

(૫.૧) વૈશ્વિક પરિપ્રેક્ષ્ય અને આંતરરાષ્ટ્રીય દસ્તાવેજો:-

સમાવેશક શિક્ષણની વૈચારિક સફર વૈશ્વિક સ્તરે અનેક મહત્વપૂર્ણ સંધિઓ અને ઠરાવોથી પ્રભાવિત રહી છે. યુનેસ્કો અને સાલામાન્કા સ્ટેટમેન્ટ (૧૯૯૪): સ્પેનના સાલામાન્કા શહેરમાં યોજાયેલા વિશ્વ સંમેલનમાં ૯૨ દેશોએ ભાગ લીધો હતો. આ દસ્તાવેજે પ્રથમવાર સ્પષ્ટ કર્યું કે "દરેક બાળકને શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર છે અને તેને તેની વિશેષ જરૂરિયાતો મુજબ શિક્ષણ આપવું એ રાજ્યની જવાબદારી છે."વર્લ્ડ ડિક્લેરેશન ઓન એજ્યુકેશન ફોર ઓલ (૧૯૯૦): જોમટીયન, થાઈલેન્ડ ખાતે લેવાયેલા આ નિર્ણયમાં 'સૌ માટે શિક્ષણ' (EFA) ના નારા હેઠળ વંચિત સમુદાયોને શૈક્ષણિક મુખ્ય પ્રવાહમાં લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

(૫.૨) ભારતીય શૈક્ષણિક નીતિઓનો ઈતિહાસ :-

ભારતમાં સમાવેશક શિક્ષણના સંદર્ભમાં થયેલા નીતિગત ફેરફારો:-

 ISSN: 2349-6002

કોઠારી કમિશન (૧૯૬૪-૬૬): આ કમિશને 'સામાન્ય શાળા પદ્ધતિ' ની ભલામણ કરી હતી. જે સૂચવે છે કે જો ભારતે લોકશાહીને મજબૂત કરવી હોય, તો ગરીબ અને અમીર બાળકોએ એક જ શાળામાં ભણવું જોઈએ.

સંકલિત શિક્ષણ યોજના (IEDC - ૧૯૭૪): આ યોજનાએ દિવ્યાંગ બાળકોને સામાન્ય શાળાઓમાં મૂકવાની શરૂઆત કરી, પરંતુ અહીં 'સમાવેશ' કરતા 'ગોઠવણ' પર વધુ ભાર હતો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP - ૧૯૮૬): આ નીતિમાં સ્ત્રી શિક્ષણ, અનુસૂચિત જાતિ અને જનજાતિના શિક્ષણને સામાજિક સમાનતાના સાધન તરીકે જોવામાં આવ્યું.

(૫.૩) સમાજશાસ્ત્રીય ગ્રંથો અને સિદ્ધાંતોની સમીક્ષા :-

સમાજશાસ્ત્રીઓએ શિક્ષણ અને સામાજિક પરિવર્તન વચ્ચેના સંબંધો પર પુષ્કળ લખાણ કર્યું છે.પૌલો ફ્રેઈરે તેમના પુસ્તક 'Pedagogy of the Oppressed' માં તેઓ કહે છે કે શિક્ષણ મુક્તિનું સાધન હોવું જોઈએ. જો શિક્ષણ વંચિતોને પ્રશ્ન પૂછતા ન શીખવે, તો તે સમાવેશક નથી.

(૫.૪) આધુનિક સંશોધનોના તારણો:-

છેલ્લા એક દાયકામાં ભારતીય યુનિવર્સિટીઓમાં થયેલા પીએચ.ડી. (Ph.D.) અને રીસર્ચ પેપર્સ નીચેના મુદ્દાઓ પર પ્રકાશ પાડે છે.

શિક્ષકોની સજ્જતા: મોટાભાગના સંશોધનો કહે છે કે શિક્ષકો સિદ્ધાંતમાં 'સમાવેશ' ને માને છે, પણ વર્ગખંડમાં વ્યવહારુ તાલીમના અભાવે મૂંઝવણ અનુભવે છે.

સામાજિક સ્વીકૃતિ: ગ્રામીણ વિસ્તારોમાં થયેલા અભ્યાસો દર્શાવે છે કે દિવ્યાંગ બાળકોના વાલીઓ હજુ પણ 'સ્પેશિયલ સ્કૂલ' ને વધુ સુરક્ષિત માને છે.

NEP ૨૦૨૦: નવી શિક્ષણ નીતિ પરના પ્રારંભિક લેખો સૂચવે છે કે 'જેન્ડર ઇન્ક્લુઝન ફંડ' અને 'સ્પેશિયલ એજ્યુકેશન ઝોન' સામાજિક પરિવર્તનમાં ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે.

(૫.૫) સંશોધન અંતરાલ :-

સાહિત્યની સમીક્ષા કરતા જણાય છે કે, દિવ્યાંગતા પર ઘણું લખાયું છે, પણ 'જ્ઞાતિ અને શિક્ષણના સમાવેશ' પર આધુનિક આંકડાકીય સાહિત્ય ઓછું છે.શહેરી શાળાઓમાં સમાવેશની પ્રક્રિયા પર ધ્યાન અપાયું છે, પણ આદિવાસી વિસ્તારો (Tribal Belts) માં સમાવેશક શિક્ષણના સામાજિક પરિણામો પર પૂરતું સાહિત્ય ઉપલબ્ધ નથી.

આમ સાહિત્યની આ સમીક્ષા સ્પષ્ટ કરે છે કે સમાવેશક શિક્ષણ એ માત્ર નીતિનો વિષય નથી, પણ એક સામાજિક ચળવળ છે. અગાઉના વિદ્વાનોએ પાયો નાખ્યો છે, પરંતુ બદલાતા સમય સાથે ડિજિટલ સમાવેશ જેવા નવા આયામો ઉમેરવાની જરૂર છે.

## V. સૈદ્ધાંતિક માળખું

કોઈપણ સામાજિક ઘટનાને સમજવા માટે મજબૂત સૈદ્ધાંતિક આધાર હોવો જરૂરી છે. સમાવેશક શિક્ષણ એ માત્ર શાળાઓમાં બાળકોની હાજરી વધારવાની પ્રક્રિયા નથી, પરંતુ તે સમાજની સત્તાવાર સંરચના અને વિચારધારાને બદલવાનો પ્રયાસ છે. આ પ્રકરણમાં આપણે મુખ્ય ત્રણ સમાજશાસ્ત્રીય અભિગમો કાર્યવાદ, સંઘર્ષવાદ અને પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ ના માધ્યમથી સમાવેશક શિક્ષણ અને સામાજિક પરિવર્તનના સંબંધને તપાસીશું.

(૬.૧) માળખાગત કાર્યવાદી અભિગમ :-

એમિલ દર્ખાઈમ અને ટાલકોટ પાર્સન્સ જેવા કાર્યવાદી વિચારકો માને છે કે સમાજ એક જૈવિક શરીર જેવો છે, જેના દરેક અંગોએ (સંસ્થાઓએ) વ્યવસ્થા જાળવવા માટે સંવાદિતામાં કામ કરવું પડે છે.

 ISSN: 2349-6002

સામાજિક એકતા: દર્ખાઈમના મતે શિક્ષણનું મુખ્ય કાર્ય બાળકોમાં 'સામૂહિક ચેતના' પેદા કરવાનું છે. સમાવેશક શિક્ષણ જ્યારે વિવિધ જ્ઞાતિ અને ક્ષમતાના બાળકોને સાથે લાવે છે, ત્યારે તે સમાજમાં 'ઓર્ગેનિક સોલિડારિટી' (જૈવિક એકતા) મજબૂત કરે છે.

મૂલ્યોનું સંક્રમણ: પાર્સન્સના મતે શાળા એ પરિવાર અને વિશાળ સમાજ વચ્ચેનો સેતુ છે. સમાવેશક શાળા બાળકોને લોકશાહી મૂલ્યો, સહિષ્ણુતા અને સમાનતા જેવા આધુનિક મૂલ્યો શીખવે છે, જે સામાજિક સ્થિરતા માટે અનિવાર્ય છે.

ભૂમિકાની ફાળવણી: કાર્યવાદ મુજબ, સમાવેશક શિક્ષણ દરેક બાળકને તેની લાયકાત મુજબ વિકાસ કરવાની તક આપે છે, જેથી સમાજમાં યોગ્ય વ્યક્તિ યોગ્ય સ્થાને પહોંચી શકે.

(૬.૨) સંઘર્ષવાદી અભિગમ :-

કાર્લ માર્ક્સ અને મેક્સ વેબરના વિચારો પર આધારિત આ અભિગમ શિક્ષણને સત્તા અને અસમાનતાના ચશ્માથી જુએ છે.

સાંસ્કૃતિક મૂડી: પિયર બોર્દુ ના મતે, પ્રભુત્વ ધરાવતો વર્ગ શિક્ષણ દ્વારા પોતાની સંસ્કૃતિ થોપે છે. સમાવેશક શિક્ષણ આ 'સાંસ્કૃતિક ઈજારાશાહી' ને તોડવાનો પ્રયાસ કરે છે. તે વંચિત વર્ગના બાળકોને પણ એ જ શૈક્ષણિક મૂડી આપે છે જે અત્યાર સુધી માત્ર ભદ્ર વર્ગ પાસે હતી.છુપો અભ્યાસક્રમ સંઘર્ષવાદીઓ દલીલ કરે છે કે સામાન્ય શાળાઓ ઘણીવાર અસમાનતાને કાયમી બનાવે છે. જોકે, 'સર્વસમાવેશક' અભિગમ આ છુપા અભ્યાસક્રમને ખુલ્લો પાડે છે અને હાંસિયામાં ધકેલાયેલા સમુદાયોને સશક્ત કરે છે જેથી તેઓ સામાજિક માળખામાં પરિવર્તન લાવી શકે.

સત્તાનું વિકેન્દ્રીકરણ: શિક્ષણમાં સમાવેશ એટલે સત્તા અને સંસાધનોની સમાન વહેંચણી. આ સિદ્ધાંત મુજબ, જ્યારે નીચલા વર્ગનું બાળક ઉચ્ચ વર્ગના બાળક સાથે શિક્ષણ લે છે, ત્યારે તે સામાજિક ક્રાંતિની પ્રક્રિયાનું પ્રથમ પગલું બને છે.

(૬.3) પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ (Symbolic Interactionism)

આ અભિગમ વર્ગખંડની અંદર થતી સૂક્ષ્મ આંતરક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ચાર્લ્સ કૂલી અને જ્યોર્જ હર્બર્ટ મીડના વિચારો અહીં પ્રસ્તુત છે.

લેબલિંગ થિયરી : જો કોઈ બાળકને 'મંદબુદ્ધિ' કે 'અક્ષમ' નું લેબલ લગાડવામાં આવે, તો તે પોતાની જાતને તેવું જ સમજવા લાગે છે. સમાવેશક શિક્ષણ આવા નકારાત્મક લેબલ્સને દૂર કરી 'ક્ષમતા' પર ભાર મૂકે છે.

દર્પણાત્મક સ્વ : જ્યારે સામાન્ય બાળકો દિવ્યાંગ બાળકોને સન્માન આપે છે, ત્યારે તે બાળકોના 'સ્વ' નો હકારાત્મક વિકાસ થાય છે. આ આંતરક્રિયા સમાજમાં રહેલા પૂર્વગ્રહોને મૂળમાંથી ઉખેડી નાખે છે.

સામાજિક ભૂમિકાનું ઘડતર: વર્ગખંડ એ એક નાનો સમાજ છે. અહીં થતા સંવાદો વિદ્યાર્થીઓને સામાજિક સહિષ્ણુતા અને સહકારના પાઠ ભણાવે છે, જે પાછળથી મોટા પાયે સામાજિક પરિવર્તન લાવે છે.

(૬.૪) અમર્ત્ય સેનનો ક્ષમતા અભિગમ:-

નોબેલ વિજેતા અમર્ત્ય સેન અને માર્થા નુસબૌમનો આ સિદ્ધાંત સમાવેશક શિક્ષણ માટે પાયારૂપ છે.તેમના મતે, માત્ર 'તક' આપવી પૂરતી નથી, પણ બાળકને તે તકનો ઉપયોગ કરવાની 'ક્ષમતા' આપવી તે મહત્વનું છે. સમાવેશક શિક્ષણ સંસાધનો (Resources) ને ક્ષમતામાં રૂપાંતરિત કરે છે, જે સામાજિક ન્યાયનો મુખ્ય આધાર છે.

 ISSN: 2349-6002

ભારતમાં કાયદાકીય અને બંધારણીય જોગવાઈઓ

ભારતીય લોકશાહીના પાયામાં સમાનતા અને ન્યાયના સિદ્ધાંતો રહેલા છે. સમાવેશક શિક્ષણ એ માત્ર શૈક્ષણિક જરૂરિયાત નથી, પરંતુ એક બંધારણીય આદેશ છે. ભારત સરકારે આઝાદી પછી અને ખાસ કરીને ૨૧મી સદીના પ્રારંભમાં એવા અનેક કાયદાકીય માળખાં તૈયાર કર્યા છે જે સમાજના હાંસિયામાં ધકેલાયેલા વર્ગો અને દિવ્યાંગ વ્યક્તિઓના શિક્ષણના અધિકારને સુરક્ષિત કરે છે. આ પ્રકરણમાં આપણે ભારતીય બંધારણની કલમોથી લઈને આધુનિક કાયદાઓનું સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણ કરીશું.

(૭.૧) બંધારણીય જોગવાઈઓ :-

ભારતીય બંધારણ એ સામાજિક પરિવર્તનનું સૌથી મોટું સાધન છે. તેના અનેક અનુચ્છેદો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમાવેશક શિક્ષણને સમર્થન આપે છે:

અનુચ્છેદ ૧૪: કાયદા સમક્ષ સમાનતા. આ કલમ સુનિશ્ચિત કરે છે કે કોઈપણ બાળકને તેની જ્ઞાતિ, ધર્મ કે શારીરિક સ્થિતિના આધારે શિક્ષણ સંસ્થામાં પ્રવેશ આપતા અટકાવી શકાય નહીં.

અનુચ્છેદ ૧૫ (૩) અને ૧૫ (૪): રાજ્યને સ્ત્રીઓ, બાળકો અને સામાજિક-શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે વિશેષ જોગવાઈઓ કરવાની સત્તા આપે છે. આ 'હકારાત્મક ભેદભાવ' (સમાવેશક શિક્ષણનો પાયો છે.

અનુચ્છેદ ૨૧-એ (૮૬મો બંધારણીય સુધારો, ૨૦૦૨): આ ક્રાંતિકારી સુધારાએ ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો માટે શિક્ષણને 'મૂળભૂત અધિકાર' બનાવ્યો. આમાં 'તમામ' શબ્દનો અર્થ જ સમાવેશ છે.

અનુચ્છેદ ૪૫: રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હેઠળ ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની સંભાળ અને શિક્ષણની જોગવાઈ.

(૭.૨) શિક્ષણનો અધિકાર અધિનિયમ (RTE Act, ૨૦૦૯)

આ કાયદો ભારતમાં સમાવેશક શિક્ષણ માટે 'માઈલસ્ટોન' સાબિત થયો છે.કલમ ૧૨ (૧) (સી): આ કલમ મુજબ ખાનગી બિન-અનુદાનિત શાળાઓએ પ્રવેશ સ્તરે ૨૫% બેઠકો આર્થિક રીતે નબળા (EWS) અને વંચિત જૂથના બાળકો માટે અનામત રાખવી ફરજિયાત છે. આ જોગવાઈ વર્ગ-ભેદ દૂર કરી સામાજિક એકીકરણ સાધવામાં મદદરૂપ થાય છે.શૂન્ય અસ્વીકારની નીતિ (Zero Rejection Policy): કોઈપણ શાળા દિવ્યાંગતાના આધારે બાળકને પ્રવેશ આપવાનો ઇનકાર કરી શકતી નથી.સી.સી.ઈ.: સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ, જે બાળકની અલગ-અલગ ક્ષમતાઓને સ્વીકારે છે, ન કે માત્ર પરીક્ષાલક્ષી ગુણોને.

(૭.૩) દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારોનો કાયદો (RPWD Act, ૨૦૧૬)

૧૯૯૫ના જૂના કાયદાને સ્થાને આવેલો આ કાયદો સમાવેશક શિક્ષણની વ્યાખ્યાને વધુ સ્પષ્ટ કરે છે:

દિવ્યાંગતાના પ્રકારોમાં વધારો: અગાઉ માત્ર ૭ પ્રકારની દિવ્યાંગતા હતી, જે વધારીને ૨૧ કરવામાં આવી (જેમ કે લર્નિંગ ડિસેબિલિટી, એસિડ એટેક વિક્ટિમ, પાર્કિન્સન્સ વગેરે).

કલમ ૧૬ અને ૧૭: આ કલમો ખાસ કરીને શિક્ષણ સંસ્થાઓને આદેશ આપે છે કે તેઓ દિવ્યાંગ વિદ્યાર્થીઓને કોઈ પણ ભેદભાવ વગર પ્રવેશ આપે અને તેમની જરૂરિયાત મુજબ ભૌતિક માળખામાં ફેરફાર કરે.

 ISSN: 2349-6002

અનામત: ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં દિવ્યાંગો માટેની અનામત ૪% થી વધારીને ૫% કરવામાં આવી.

(૭.૪) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP 2020) અને સમાવેશ

નવી શિક્ષણ નીતિએ સમાવેશક શિક્ષણને એક નવો વળાંક આપ્યો છે.SEDGs (Socio-Economically Disadvantaged Groups): આ નીતિએ સામાજિક અને આર્થિક રીતે વંચિત જૂથો માટે એક નવી કેટેગરી બનાવી છે, જેથી તેમના પર વિશેષ ધ્યાન આપી શકાય.

જેન્ડર ઇન્ક્લુઝન ફંડ (Gender Inclusion Fund): સ્ત્રીઓ અને ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓના શિક્ષણ માટે વિશેષ ભંડોળની જોગવાઈ.

ભાષાકીય સમાવેશ: પ્રારંભિક શિક્ષણ માતૃભાષામાં આપવાની વાત, જે આદિવાસી અને ગ્રામીણ બાળકોના સમાવેશ માટે અત્યંત જરૂરી છે.

(૭.૫) આંતરરાષ્ટ્રીય કાયદાકીય સમજૂતીઓ અને ભારત

ભારત યુનાઈટેડ નેશન્સના 'CRPD' (Convention on the Rights of Persons with Disabilities) નો હસ્તાક્ષરકર્તા દેશ છે. આ આંતરરાષ્ટ્રીય દબાણ અને પ્રતિબદ્ધતાને કારણે પણ ભારતે પોતાના સ્થાનિક કાયદાઓને વધુ કડક અને સર્વસમાવેશક બનાવ્યા છે.

(૭.6) કાયદાકીય જોગવાઈઓનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

કાયદો માત્ર દંડ આપવા માટે નથી, પણ તે 'સામાજિક એન્જિનિયરિંગ' નું સાધન છે. જ્યારે કાયદો ફરજિયાત સમાવેશની વાત કરે છે, ત્યારે તે સમાજના પ્રભુત્વશાળી વર્ગોને પોતાની માનસિકતા બદલવા મજબૂર કરે છે. જોકે, કાયદો હોવો અને તેનું પાલન થવું એ બે અલગ બાબતો છે, જેની ચર્ચા આપણે 'પડકારો' ના પ્રકરણમાં કરીશું.

સમાવેશક શિક્ષણ અને સામાજિક પરિવર્તનના આયામો:-

સમાવેશક શિક્ષણ માત્ર વર્ગખંડની ચાર દીવાલો વચ્ચેની પ્રક્રિયા નથી, પરંતુ તે સમાજની પુનઃરચના કરવાની એક વૈચારિક ક્રાંતિ છે. સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં, શિક્ષણ સામાજિક પરિવર્તનનું પ્રબળ વાહક છે. જ્યારે આપણે 'સમાવેશ' શબ્દનો પ્રયોગ કરીએ છીએ, ત્યારે તેનો અર્થ એ છે કે સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગો જેમાં દિવ્યાંગો, આર્થિક રીતે પછાત, લઘુમતીઓ અને સ્ત્રીઓનો સમાવેશ થાય છે તેમને મુખ્ય પ્રવાહમાં સક્રિય કરવા. આ પ્રકરણમાં આપણે સમાવેશક શિક્ષણ દ્વારા આવતા વિવિધ સામાજિક પરિવર્તનોના આયામોની ચર્ચા કરીશું.

જ્ઞાતિ પ્રથા અને સામાજિક અંતરનું નિર્મૂલન:

ભારતીય સમાજ હજારો વર્ષોથી જ્ઞાતિ આધારિત સ્તરીકરણ માં વહેંચાયેલો છે. પરંપરાગત રીતે, શિક્ષણ અમુક ચોક્કસ જ્ઞાતિઓ સુધી સીમિત હતું.

સહ-શિક્ષણનો પ્રભાવ: સમાવેશક શિક્ષણમાં જ્યારે દલિત, આદિવાસી અને ઉચ્ચ જ્ઞાતિના બાળકો એક જ બેન્ચ પર બેસીને અભ્યાસ કરે છે, ત્યારે તેમનામાં 'સામાજિક અંતર' ઘટે છે.

પૂર્વગ્રહોનો અંત: નાનપણથી જ સાથે ભણતા બાળકોમાં જ્ઞાતિગત ભેદભાવના સંસ્કારો પડતા નથી. તેઓ એકબીજાના ખોરાક, સંસ્કૃતિ અને જીવનશૈલીથી પરિચિત થાય છે, જે ભવિષ્યમાં આંતર-જ્ઞાતિ લગ્નો અને સામાજિક સમરસતા તરફ દોરી જાય છે.

 ISSN: 2349-6002

દિવ્યાંગતા: તિરસ્કારથી સ્વીકૃતિ તરફનું પરિવર્તન: ઐતિહાસિક રીતે દિવ્યાંગ વ્યક્તિઓને (Children with Special Needs - CWSN) દયા અથવા ઉપેક્ષાના પાત્ર ગણવામાં આવતા હતા. સમાવેશક શિક્ષણ આ દ્રષ્ટિકોણને 'મેડિકલ મોડલ' માંથી 'સોશિયલ મોડલ' માં ફેરવે છે.

સહાનુભૂતિ વિરુદ્ધ સમાનતા: સામાન્ય બાળકો જ્યારે દિવ્યાંગ બાળકો સાથે ભણે છે, ત્યારે તેમનામાં દયાને બદલે સહાનુભૂતિ અને મિત્રતાનો ભાવ જાગે છે.

આત્મવિશ્વાસનું સ્તર: દિવ્યાંગ બાળકો જ્યારે સામાન્ય બાળકોની જેમ જ સિદ્ધિઓ હાંસલ કરે છે, ત્યારે તેમની હીનતાગ્રંથિ દૂર થાય છે. આ સામાજિક પરિવર્તન દિવ્યાંગોને 'બોજ' મટાડી 'સંપત્તિ' (Resource) બનાવે છે.

લિંગ સમાનતા અને સ્ત્રી સશક્તિકરણ :-

સમાવેશક શિક્ષણ માત્ર ક્ષમતાના આધારે જ નહીં, પરંતુ લિંગ (Gender) ના આધારે પણ સમાનતા લાવે છે.

રૂઢિચુસ્ત ભૂમિકાઓનું ખંડન: વર્ગખંડમાં છોકરા અને છોકરીઓને સમાન તકો આપીને સમાજમાં પ્રવર્તતી પિતૃસત્તાક માનસિકતાને પડકારી શકાય છે.

ટ્રાન્સજેન્ડર સમાવેશ: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ, ત્રીજી જાતિના બાળકોને શિક્ષણમાં સમાવવાથી સામાજિક કલંક (Social Stigma) દૂર કરવામાં મોટી મદદ મળશે. આ એક ક્રાંતિકારી સામાજિક પરિવર્તન છે જે લિંગ આધારિત હિંસામાં ઘટાડો લાવી શકે છે.

આર્થિક ગતિશીલતા અને વર્ગ વિગ્રહમાં ઘટાડો:-

શિક્ષણ એ આર્થિક ગતિશીલતા માટેની સીડી છે. સમાવેશક શિક્ષણ દ્વારા ગરીબ અને શ્રીમંત વર્ગના બાળકો વચ્ચેની ખાઈ ઓછી થાય છે.

RTE ની કલમ ૧૨(૧)(સી): ખાનગી શાળાઓમાં ૨૫% બેઠકો વંચિત વર્ગો માટે અનામત રાખવાથી સામાજિક એકીકરણ થાય છે. જ્યારે શ્રીમંત પરિવારનું બાળક અને શ્રમિક પરિવારનું બાળક એકસાથે રમે છે, ત્યારે વર્ગ-સંઘર્ષ (Class Conflict) ની શક્યતાઓ ઓછી થાય છે.

માનવ મૂડીનું નિર્માણ: સમાજના દરેક વર્ગને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળવાથી દેશની કુલ ઉત્પાદકતા વધે છે, જે ગરીબી નિર્મૂલનમાં સીધો ફાળો આપે છે.

લોકશાહી મૂલ્યોનું સિંચન:-

સમાવેશક શિક્ષણ એ 'જીવંત લોકશાહી'ની પ્રયોગશાળા છે.સહિષ્ણુતા અને સ્વીકૃતિ વિવિધ ભાષા, ધર્મ અને પ્રદેશના બાળકોનો સમાવેશ વૈશ્વિક નાગરિકત્વ ની ભાવના કેળવે છે.અધિકારો પ્રત્યે જાગૃતિ સમાવેશક માળખામાં રહેલા વિદ્યાર્થીઓ ન્યાય અને સમાનતાના સિદ્ધાંતોને પુસ્તકો કરતા અનુભવથી વધુ સારી રીતે શીખે છે.સમાવેશક શિક્ષણ શાળા પૂરતું મર્યાદિત નથી, તે વાલીઓ અને સમાજને પણ બદલે છે.વાલીઓની માનસિકતામાં બદલાવ: જ્યારે સમાજ જુએ છે કે એક દિવ્યાંગ કે વંચિત બાળક સામાન્ય શાળામાં પ્રગતિ કરી રહ્યું છે, ત્યારે સમગ્ર સમુદાયનો દ્રષ્ટિકોણ હકારાત્મક બને છે.સામાજિક મૂડી (Social Capital): શિક્ષણ દ્વારા વિવિધ પરિવારો વચ્ચે જે નેટવર્ક બને છે, તે સામાજિક મૂડીમાં વધારો કરે છે અને સામાજિક સુરક્ષાનું વાતાવરણ ઉભું કરે છે.

## VII. સમાવેશક શિક્ષણના અવરોધ અને પડકારો

કોઈપણ સામાજિક પરિવર્તન ક્યારેય અવરોધ વગર આવતું નથી. સમાવેશક શિક્ષણ (Inclusive Education) ના સિદ્ધાંતો કાગળ પર જેટલા પ્રગતિશીલ લાગે છે, જમીની સ્તરે તેનું અમલીકરણ તેટલું જ જટિલ છે. ભારતીય સમાજ જેવી વૈવિધ્યસભર અને પરંપરાગત સંરચનામાં, દરેક બાળકને સમાન સ્તરે લાવવાના

 ISSN: 2349-6002

માર્ગમાં અનેક મનોવૈજ્ઞાનિક, ભૌતિક, આર્થિક અને નીતિગત અવરોધો રહેલા છે. આ પ્રકરણમાં આપણે આ પડકારોનું વિગતવાર સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરીશું.

૮.૧ મનોવૈજ્ઞાનિક અને સામાજિક પૂર્વગ્રહો :-

સૌથી મોટો અવરોધ ઈંટો અને પથ્થરોનો નથી, પરંતુ માનવીય મનનો છે.

નકારાત્મક વલણ: ઘણા શિક્ષકો અને સામાન્ય બાળકોના વાલીઓ હજુ પણ એવું માને છે કે જો દિવ્યાંગ કે પછાત વર્ગના બાળકો સામાન્ય બાળકો સાથે ભણશે, તો શિક્ષણનું સ્તર ઘટી જશે. આ 'અભિજાત્યવાદી' માનસિકતા સમાવેશના માર્ગમાં મોટો અવરોધ છે.

સ્ટીરિયોટાઈપિંગ :- દિવ્યાંગ બાળકોને 'બિચારા' ગણવા અથવા પછાત વર્ગના બાળકોને 'ઓછી બુદ્ધિ પ્રતિભા' ધરાવતા ગણવા એ એક ઊંડો સામાજિક પૂર્વગ્રહ છે. આનાથી વિદ્યાર્થીમાં લઘુતાગ્રંથિ પેદા થાય છે.સામાજિક બહિષ્કારનો ભય: સમાવેશક વર્ગખંડમાં પણ ઘણીવાર હાંસિયામાં ધકેલાયેલા વર્ગના બાળકો એકલતા અનુભવે છે કારણ કે સામાજિક સ્તરે તેમનો સ્વીકાર પૂર્ણ રીતે થયો હોતો નથી.

૮.૨ માળખાગત અને ભૌતિક અવરોધો :-

શાળાનું વાતાવરણ ઘણીવાર 'સર્વસમાવેશક' હોતું નથી.

એક્સેસિબિલિટી (Accessibility) નો અભાવ: ભારતની મોટાભાગની ગ્રામીણ અને અર્ધ-શહેરી શાળાઓમાં વ્હીલચેર માટે રેમ્પ, લિફ્ટ કે દિવ્યાંગ મૈત્રીપૂર્ણ શૌચાલયોની સુવિધા નથી.

પરિવહનની સમસ્યા: અંતરિયાળ વિસ્તારના બાળકો માટે શાળાએ પહોંચવું જ એક મોટો પડકાર છે. ખાસ જરૂરિયાત ધરાવતા બાળકો માટે સલામત પરિવહન વ્યવસ્થાનો અભાવ તેમને શિક્ષણથી વંચિત રાખે છે. વર્ગખંડની રચના: મોટા કદના વર્ગખંડો (Overcrowded Classrooms) માં એક શિક્ષક માટે દરેક બાળકની વ્યક્તિગત જરૂરિયાત પર ધ્યાન આપવું અશક્ય બની જાય છે.

૮.૩ શૈક્ષણિક અને તાલીમ સંબંધી પડકારો :-

સ્પેશિયલ એજ્યુકેટર્સની અછત: સામાન્ય શિક્ષકો પાસે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો (જેમ કે સાઈન લેંગ્વેજ કે બ્રેઈલ લિપિ) ને ભણાવવાની તાલીમ હોતી નથી.

અભ્યાસક્રમની જડતા: વર્તમાન અભ્યાસક્રમ 'એક જ માપના કપડાં બધાને પહેરાવવા' (One size fits all) જેવો છે. તે વિદ્યાર્થીની વ્યક્તિગત ક્ષમતા કે ગતિને ધ્યાનમાં લેતો નથી.

મૂલ્યાંકન પદ્ધતિ: પરીક્ષા પદ્ધતિ માત્ર સ્મૃતિ આધારિત છે, જે સર્જનાત્મક કે વિવિધ ક્ષમતા ધરાવતા બાળકો સાથે અન્યાય કરે છે.

૮.૪ આર્થિક અને સંસાધન સંબંધી અવરોધો :-

અપૂરતું બજેટ: જી.ડી.પી. ના પ્રમાણમાં શિક્ષણ પાછળ થતો ખર્ચ હજુ પણ ઓછો છે. સમાવેશક શિક્ષણ માટે સહાયક સાધનો (Hearing Aids, પ્રોજેક્ટર્સ, સોફ્ટવેર) મોંઘા હોય છે, જેના માટે પૂરતું ભંડોળ ફાળવવામાં આવતું નથી.

ખાનગીકરણનું દબાણ: શિક્ષણના વ્યાપારીકરણને કારણે ગરીબ વર્ગના બાળકોને મોંઘી શાળાઓમાં સ્થાન મળવું મુશ્કેલ બને છે, જે સામાજિક વિભાજનને વધુ ઊંડું બનાવે છે.

 ISSN: 2349-6002

૮.૫ નીતિગત અને વહીવટી ખામીઓ:-

અમલીકરણમાં શિથિલતા: આર.ટી.ઈ. અને આર.પી.ડબલ્યુ.ડી. (RPWD) જેવા કાયદાઓ હોવા છતાં, ગ્રાઉન્ડ લેવલ પર તેનું મોનિટરિંગ નબળું છે.

આંકડાકીય પારદર્શિતાનો અભાવ: કેટલા બાળકો ખરેખર શાળામાં સમાવિષ્ટ થયા અને કેટલા અધવચ્ચેથી ભણવાનું છોડી દે છે તેનો સચોટ ડેટા મેળવવો મુશ્કેલ છે.

## VIII. પડકારોનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

સમાજશાસ્ત્રીય દ્રષ્ટિએ આ પડકારો એ 'યથાસ્થિતિ' જાળવી રાખવા મથતા તત્વોનું પરિણામ છે. જ્યારે શિક્ષણ પદ્ધતિ બદલાય છે, ત્યારે સત્તાનું સંતુલન પણ બદલાય છે. ઉચ્ચ વર્ગ કે સક્ષમ વર્ગ ઘણીવાર આ ફેરફારને પોતાના વિશેષાધિકારો પરના જોખમ તરીકે જુએ છે.

આ પડકારો હોવા છતાં, સમાવેશક શિક્ષણ એ વિકલ્પ નથી પણ અનિવાર્યતા છે. આ અવરોધોને દૂર કરવા માટે સરકારી તંત્ર, નાગરિક સમાજ (NGOs) અને વાલીઓએ ત્રિપાંખિયો જંગ લડવો પડશે. જો આપણે ભૌતિક અંતરાયો કરતા માનસિક અંતરાયો દૂર કરવામાં સફળ થઈશું, તો જ સામાજિક પરિવર્તનનો માર્ગ પ્રશસ્ત થશે.

## IX. મુખ્ય નિષ્કર્ષો

સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી આ સંશોધનના તારણો નીચે મુજબ છે:

- સામાજિક એકીકરણ: સમાવેશક વર્ગખંડોમાં અભ્યાસ કરતા સામાન્ય વિદ્યાર્થીઓમાં પૂર્વગ્રહો નું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે. તેઓ દિવ્યાંગતા કે ગરીબીને 'અભાવ' તરીકે નહીં, પણ 'વૈવિધ્ય' તરીકે જોતા શીખ્યા છે.
- લોકશાહીકરણ: શિક્ષણના સમાવેશ દ્વારા વંચિત સમુદાયોમાં 'રાજકીય અને સામાજિક સભાનતા' વધી છે. તે તેમને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત કરે છે.
- માનસિક પરિવર્તન: સમાજમાં 'દયા' (Charity) ના અભિગમને બદલે 'અધિકાર' ના અભિગમનો ઉદય થયો છે.

## X. સૂચનો: એક ભાવિ માર્ગ

સમાવેશક શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે નીચે મુજબના સૂચનો રજૂ કરવામાં આવે છે:

(૧૦.૧). શૈક્ષણિક અને નીતિગત સુધારા:-

અભ્યાસક્રમનું સુધારણીકરણ: પાઠ્યપુસ્તકોમાં દિવ્યાંગ નાયકો, સ્ત્રી વૈજ્ઞાનિકો અને હાંસિયામાં ધકેલાયેલા વર્ગોની સફળતાની વાર્તાઓનો સમાવેશ કરવો જોઈએ.

યુનિવર્સલ ડિઝાઇન ફોર લર્નિંગ (UDL): શાળાઓનું માળખું એવું હોવું જોઈએ જે દરેક માટે સુલભ હોય (દા.ત. બ્રેઈલ સંકેતો, શ્રવણ યંત્રો અને એક્સેસિબલ ડિજિટલ સામગ્રી).

(૧૦.૨) શિક્ષક તાલીમ અને સજ્જતા: -

માત્ર 'સ્પેશિયલ એજ્યુકેટર્સ' પર નિર્ભર રહેવાને બદલે, દરેક સામાન્ય શિક્ષકને વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોને સંભાળવાની પાયાની તાલીમ આપવી જોઈએ.

શિક્ષકોના માનસિક વલણમાં પરિવર્તન લાવવા માટે 'સેન્સિટાઈઝેશન વર્કશોપ્સ'નું આયોજન કરવું.

(૧૦.3) સામુદાયિક અને સામાજિક જાગૃતિ:-

વાલી મંડળો (SMC): શાળા વ્યવસ્થાપન સમિતિમાં વંચિત વર્ગના વાલીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી.

મીડિયાની ભૂમિકા: ફિલ્મો અને જાહેરાતો દ્વારા સમાવેશક શિક્ષણના ફાયદાઓ વિશે જનજાગૃતિ ફેલાવવી.

(૧૦.૪) સામાજિક પરિવર્તન માટેનું વિઝન ૨૦૩૦:-

સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસના લક્ષ્યો (SDG-4: Quality Education) ને પ્રાપ્ત કરવા માટે ભારત પાસે ૨૦૩૦ સુધીનો સમય છે. સમાવેશક શિક્ષણ એ માત્ર શાળાઓ પૂરતું મર્યાદિત ન રહેતા, તે સમાજના દરેક પાસામાં રોજગાર, રાજકારણ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ દેખાવું જોઈએ. સામાજિક પરિવર્તન ત્યારે જ પૂર્ણ ગણાશે જ્યારે 'દિવ્યાંગ' કે 'પછાત' શબ્દ કોઈના વિકાસમાં અવરોધ નહીં, પણ માત્ર એક ઓળખ બનીને રહી જશે.

(૧૦.૫) સંશોધનની મર્યાદાઓ અને ભાવિ સંશોધકો માટે સૂચન:-

આ સંશોધન મુખ્યત્વે ગૌણ સ્રોતો પર આધારિત છે. ભાવિ સંશોધકો ગુજરાતના આદિવાસી વિસ્તારો કે ઝૂંપડપટ્ટી વિસ્તારની શાળાઓમાં 'એથનોગ્રાફિક' (વંશીય વર્ણનાત્મક) અભ્યાસ કરી શકે છે, જેથી પ્રત્યક્ષ અનુભવોના આધારે નવા આયામો ખોલી શકાય.

## XI. ઉપસંહાર

"શિક્ષણ એ સમાજનો આત્મા છે જે એક પેઢીથી બીજી પેઢીમાં સ્થાનાંતરિત થાય છે." જો આ આત્મામાં જ અસમાનતા અને ભેદભાવ હશે, તો આવનારી પેઢી ક્યારેય ન્યાયી સમાજ બનાવી શકશે નહીં. સમાવેશક શિક્ષણ એ એક એવી પ્રક્રિયા છે જે સમાજના તૂટેલા ટુકડાઓને જોડીને એક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે. આ પરિવર્તન ધીમું હોઈ શકે છે, પણ તે ચોક્કસ છે.